| PUBLICATION NAME : | Prabhat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/08/2023 |
| PAGE : | 03 |

# એમેઝોને ગુજરાતથી નિકાસને વેગ આપવા માટે 'ઈડીઆઈઆઈ' તથા ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરી




નેશનલ હેન્ડલૂમ ડે નિમિત્તે, એમેઝોન ઈન્ડિયાએ આજે ઈ-કોમર્સ નિકાસને વધારવામાં મદદ કરવા માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અને ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. વડોદરાના અકોટા સ્ટેડિયમમાં સ્ટેટ ક્રાફ્ટ્સ એવોર્ડ્સ સેરેમની અને ઓડીઓપી એક્ઝિબિશન ખાતે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેમાં રાજ્યના ઉદ્યોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર બાબતોના માનનીય પ્રધાન શ્રી બળવંતસિંહ રાજપૂત, સહકાર, મીઠા ઉદ્યોગ, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી, પ્રોટોકોલ (બધા સ્વતંત્ર ચાર્જ), સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, કુટિર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગો, નાગરિક ઉડ્ડયન બાબતોના રાજ્યકક્ષાના માનનીય પ્રધાન શ્રી જગદીશ વિશ્વકર્મા, કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ સચિવ અને કમિશ્નર શ્રી પ્રવીણ સોલંકી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એમઓયુના ભાગરૂપે, એમેઝોન ગ્લોબલ સેલિંગ નામના એમેઝોનના ઈકોમર્સ નિકાસ કાર્યક્રમ પર ગુજરાતના વણકર અને કારીગરો તેમજ અન્ય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે. આનાથી તેઓ ૨૦૦થી વધુ દેશો અને પ્રદેશોમાં એમેઝોનના કરોડો ગ્રાહકોને તેમની અનન્ય 'મેડ ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સ વેચી શકશે. કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટ સેક્ટરમાં ગુજરાતમાંથી ૧,૦૦૦થી વધુ એમએસએમઈની ઓળખ કરશે, જેઓ નિકાસ દ્વારા તેમના વ્યવસાયને વધારવામાં રસ ધરાવે છે અને તેમને વર્કશોપ અને તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપવા સક્ષમ બનાવશે. એમેઝોન અને ઈડીઆઈઆઈ સમગ્ર રાજ્યમાંથી એમએસએમઈ માટેબીટુસી ઈ-કોમર્સ નિકાસ પર ટ્રેનિંગ સેશન્સ, વર્કશોપ અને અવેરનેસ સેશન્સ યોજશે.

આ સેશન્સ એમએસએમઈને ૧૮થી વધુ એમેઝોન ગ્લોબલ માર્કેટપ્લેસ પર વેચવા માટે તેમની પ્રોડક્ટ્સનું રજિસ્ટ્રેશન અને લિસ્ટિંગ કેવી રીતે કરવું તથા નિકાસોને સરળ બનાવવા માટેના ટૂલ્સ વિશે શીખવાડશે. આ સેશન્સ વ્યક્તિગત વર્કશોપ અને ઓનલાઈન વેબિનર્સના મિશ્રણ દ્વારા હાથ ધરવામાં આવશે. એમેઝોન ઈડીઆઈઆઈ અને ગુજરાત સરકાર વચ્ચેનો આ સહયોગ એમએસએમઈ માટે સમાન વિચારધારા ધરાવતા વ્યક્તિઓ, માર્ગદર્શકો અને ઉદ્યોગ નિષ્ણાંતો સાથે નેટવર્કિંગની તકો પૂરી પાડીને સહાયક સમુદાયને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે જેથી તેઓને તેમની માર્કેટ વિઝિબિલિટી વધારવામાં મદદ મળે.